અમદાવાદના વસ્ત્રાપુરમાં બિલ્ડિંગમાં ભીષણ આગ

અમદાવાદઃ અમદાવાદ શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં ITC નર્મદાની બાજુમાં આવેલી શિવાલિક હાઈ સ્ટ્રીટ બિલ્ડિંગમાં બપોરના સમયે અચાનક ભીષણ આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. ફાયર વિભાગ દ્વારા આગના કારણે બિલ્ડિંગના 8મા અને 9મા માળે ફસાયેલા 100થી વધુ લોકોને રેસ્કયુ કરાયા હતા.

નામ બદલ્યું છે

મારું જુનું નામ **નકુલકુમાર મુકેશભાઈ વોરા** હતું જે બદલીને નવું નામ **નકુલકુમાર મુકેશભાઈ પટેલ** રાખેલ છે. જેની સર્વે એ નોંધ લેવી.

લિ. નકુલકુમાર મુકેશભાઈ પટેલ
સરનામું : બી–૩૨, સિમધાર સોસાયટી, દાદા ભગવાન મંદિર પાસે, નવા ગામ, સુરત. ૩૯૪૧૮૫ (ગુજરાત – ભારત)

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ નવસારી, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો નવસારી, મોજે પીનસાડ ગામના બ્લોક / સર્વે નંબર : ૧૪૮ જેનો જુનો બ્લોક /સર્વે નંબર : ૧૮૦-બ ખાતા નંબર.૪૭૯ થી નોંધાયેલી ખેતીની જમીન, જેનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ ૦-૬૬-૭૦ ચો.મીટર, આકાર રૂા.૫.૮૫ પૈસા છે, તે જમીનનાં રેવન્યુ દફતરે સુનિલ લલ્લુભાઈ પટેલનું નામ માલીક, કબજેદાર તરીકે ચાલી આવેલ છે અને મજકુર માલીકે સદરહુ જમીન પોતાની સ્વતંત્ર માલીકીની હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, અને વેચાણ અવેજ પેટે રકમ સ્વીકારેલ છે, જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, ઈસમ, સંસ્થા, ટ્રસ્ટનો ચાર્જ બોજો, લીયન યા કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ કે દર-દાવો હોય, કે કોઈ પણ પ્રકારના લખાણો હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં નીચે જણાવેલા ઠેકાણે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યે હમારા અસીલ નકકી થયા મુજબની બાકીની વેચાણ અવેજની રકમ ચૂકવી આપી સદરહુ જમીનની ખરીદીની કાર્યવાહી પૂર્ણ કરી ત્યારબાદ પાકો રજીસ્ટર્ડ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી, જેની નોંધ લેવી.

ખરીદનાર તથા વેચનારની સુચનાથી
ઠે. : બી/૨૩૪, જલારામનગર, ઉધનાયાર્ડ, ઉધના, સુરત, મો. નં.૯૯૨૪૬૩૮૨૩૮
રાજેશ ડી. ટેલર
તે ખરીદનારના એડવોકેટ

:: મિલકત ખરીદ–વેચાણ અંગેની જાહેર નોટીસ ::

આથી આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ : પલસાણા ના મોજે ગામ : લીંગડના સર્વે નં.૩૩૯ બ્લોક નં.૩૯૫/બ વાળી ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ ૧૨૦૬૭ ચો.મી વાળી ખુલ્લી ખેતીની જમીનના માલીક કબજેદાર તરીકે મનસુખભાઈ ઉકાભાઈ પટેલ, કમલાબેન તે મનસુખભાઈ ઉકાભાઈ પટેલની પત્ની, વંદનાબેન મનસુખભાઈ પટેલ, ચિરાગ તે મનસુખભાઈ ઉકાભાઈ પટેલના પુત્ર તથા નિશા તે મનસુખભાઈ ઉકાભાઈ પટેલની પુત્રી ચાલી આવેલા હોવાનું જણાવી તથા તે જમીન હમારા અસીલ ને બીનખેતી કરાવી આપવાની શરતે વેચાણ આપવા માંગે છે. જેથી સદર જમીન ને લઈ કોઈ વ્યકિત, પેઢી, કંપની, બેંક, સંસ્થા, તથા સરકારી–અર્ધ સરકારી કચેરી વિગેરે ના કોઈપણ જાતના હકક–અધિકાર, બોજો વિગેરે હોય તો તેની જાણ દિન–૭ માં લેખીત માં હમો ને કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈના કોઈ પણ જાતના હકક કે અધિકાર નથી અને હોય તો તે આથી છોડી દેવામાં આવેલ છે તેમ માની વેચાણ/ખરીદ ની કાર્યવાહી પુરી કરવામાં આવશે તથા કાયદેસરના લખાણ/દસ્તાવેજ કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈ પણ જાત ની તરતકરાર ચાલશે નહીં જેની તમામ લાગતા વળગતાએ નોંધ લેવી.

તા. ૧૨.૦૨.૨૦૨૬
ઠે. : ૪૦૬, ઓટોગ્રાફ ઘી કોમર્શીયલ હબ, રાજહંસ ઓલંપીયા સામે, ભટાર રોડ, સુરત. મો. ૯૮૭૯૧ ૭૯૧૧૦.
અંકિતરાજ આર. સુરાણા
દિવ્યકાંત સી. મિસ્ત્રી
રણજીત જે. મિશ્રા
એડવોકેટ્સ

ખેતીની ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ

નવસારી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ જલાલપોરના મોજે : **કુચેદ**, ખાતા નંબર : ૭૦૯, જુનો સર્વે/બ્લોક નંબર : ૪૩૭, રી–સર્વે થયા બાદ નવો સર્વે/બ્લોક નંબર : ૪૬૭ વાળી જુની શરતની ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ **હે. ૦–૧૫–૨૪ આરે** છે. જેનો આકાર જુડી **રૂા.૩.૬૦ પૈસા** છે. સદરહુ ખેતીની જમીનના પ્રત્યક્ષ માલિક અને કબજેદારો તરીકે **તનુજાબેન અતુલભાઈ પટેલ**, રહેવાસી :–૨/૪૯, તળાવ સ્ટ્રીટ, રૂંઢ મગદલ્લા, સુરત – ૩૯૫૦૦૭ ચાલી આવેલા છે. સદર ખેતીની જમીનના માલિકોએ **વેચાણ દસ્તાવેજ નં ૨૧૬૦ તારીખ : ૧૫/૩/૨૦૨૪** થી ખરીદ કરેલ છે. સદરહુ વેચાણ દસ્તાવેજની **ગામ દફતરે હકકપત્રક નમુના નંબર : ૬ માં નોંધ નંબર : ૧૮૪૫ થી તારીખ : ૨૮/૪/૨૦૨૪** ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે. સદર વેચાણ ફેરફાર નોંધ વિના તકરારે દાખલ થયેલ હોવાનુ રેવન્યુ રેકર્ડ પરથી જણાય આવે છે. સદર જમીનો તેઓની માલિકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી હમારા અસીલોને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. માટે, સદર જમીનોમાં કોઈપણ વ્યકિત, વારસદાર, અગ્રહકકદારીઓનો હકક, હિસ્સો, લાગ ભાગ, દર દાવો, હિત સંબંધ કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય કે કોઈ વ્યકિતઓએ કોઈપણ જાતના લખાણો કરાવેલ હોય અથવા તો કોઈ સરકારી/ખાનગી બેંક, નાણા ધીરનાર ખાનગી/સરકારી સંસ્થા કે સહકારી મંડળીનું લેણું હોય તો નીચેના સરનામે રૂબરૂ આવી દિન–૭ માં પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસૂર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે સદર જમીન માલિક તનુજાબેન અતુલભાઈ પટેલ પાસેથી હમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે જેની જનતાએ નોંધ લેવી ત્યારબાદ કોઈપણ વ્યકિત, વારસોની કોઈપણ જાતની તર–તકરાર/વાંધા ચાલશે નહિ અને તેવી વ્યકિતઓને કોઈપણ જાતના હકક પ્રાપ્ત થશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમારી મારફત
તા. ૧૩/૦૨/૨૦૨૬.
ઠે. :– વિસનગર મહોલ્લો, ગામ –વેસુ, સુરત. મો. નં. : ૯૯૨૪૬૭૯૩૦૦
ચેતન. એ. પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)

-: ટાઈટલ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ : -

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે,ડીસ્ટ્રીકટ : સુરત, સબ-ડીસ્ટ્રીકટ : માંગરોળના મોજે ગામ : ટીમરવાનાં રેવન્યુ દફતરે ખાતા નં. 33, સર્વે નંબર - 3,૪ બ્લોક નંબર - 3, આકાર રૂા. ૭.૯૩ પૈસા થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૧-૪૦-૩૨ ચો.મી. જમીન મિલકતના લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીતની મિલકત ના માલીક મુખત્યાર, કબજે ભોગવટેદાર અકબર ગુલામ મોહમદ રાવત, મેહબુબ ગુલામ મોહમદ રાવત, મેમુના અહમદ સાલેજી રાવત, શાહીન મેહબુબ પટેલ, પરવીન મેહબુબ પટેલ, પરવેઝ મેહબુબ પટેલ, મહમદ અહમદ રાવત, ફરજાના અહમદ રાવત, સોયબ અહમદ રાવત, આયશા સાલેજા રાવત, જુલેખા સુલેમાન રાવત, ફાતમા સુલેમાન રાવત, ઈસ્માઈલ સુલેમાન રાવત, શમીમ સુલેમાન રાવત નાઓ ચાલી આવેલા હોવાનુ જણાવી તેઓ એ સદરહુ જમીન ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલ વાળી અને તેમની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટા ની હોવા અંગે વિશ્વાસ અને ભરોસો આપી અમારા અસીલ ને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. સદરહુ જમીન મિલકત બાબતે કોઇને કોઇપણ જાતના વાંધો કે ચાર્જ, બોજો, લીયન, ગીરો, લાગભાગ, હકક, હીત, હીસ્સો, બેંક કે કોઇ સંસ્થા નો લાગભાગ લીયન કે દરદાવો હોય તો તેમણે આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં તમામ દસ્તાવેજી પુરાવા સાથે જાણ કરવી મુદત વિત્યે કોઈની કોઈપણ જાતની તર તકરાર ચાલશે નહી અને તેમણે પોતાનો તમામ હકક હિસ્સો, દરદાવો જતો કર્યો છે તેમ માની મારા અસીલ સદરહુ વ્યવહાર પુર્ણ કરાવી લેશે. તેમજ અમોના અસીલના નામે ટ્રાન્સફર (વેચાણ દસ્તાવેજ) કરાવી લેશે. પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર કાયદામાં ગ્રાહ્ય ગણાશે નહી, તેમજ રદ ગણાશે જેની છેવટની નોંધ લેવી.

તા. ૧૩/૦૨/૨૦૨૬
ઓફિસ:- ૨૨૬, ડ્રીમલેન્ડ શોપીંગ, સરસ્વાણા જકાતનાકા, સુરત.
મો. ૮૮૬૬૧૫૧૦૬
પ્રદિપ સી. પોકિયા
તે ખરીદનારના એડવોકેટ

જાહેર નોટીશ

જત હમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈશ થયેથી જણાવવાનું કે :-
જી. નવસારી, તા. જલાલપોરના મોજે દાંતી ગામના સર્વે નં. ૧૨૨, ૨૪૦ થી ૨૪૩ ના બ્લોક નં. ૮૫૫ ના બીનખેતીના પાડવામાં પ્લોટ નં. ૫૭૨ તેના હાલના માલિક (૧) નિતુલભાઈ રમણભાઈ પટેલ (૨) પરિમલભાઈ ખંડુભાઈ પટેલનાઓ સંયુક્ત પોતે માલિક-મુખત્યાર હોવાનું જણાવી સદર ઉપર જણાવેલી જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તેમજ હમારા અસીલ વેચાણ દસ્તાવેજને લગતી કાર્યવાહી ટૂંક સમયમાં કરી લેનાર છે આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે ઉપરોક્ત મિલકત અન્વયે કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, લિયન, બોજો, લાગ-ભાગ, રસ્તાના હકક-હિત-હિસ્સો ચાલી આવેલ હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૭ (સાત) માં હમોને નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. મુદત દરમ્યાન આવી જાણ કરવામાં આવશે નહીં કે, ખાતરી આપવામાં આવશે નહીં તો હરકોઈનો મજકુર મિલકતમાં કોઈપણ જાતનો હકક-હિત-હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહીં હોવાનું અને હોય તો તે છોડી દીધો હોવાનું ગણાશે અને હમારા અસીલ ઉપર જણાવેલ મિલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી પૂર્ણ કરાવી લેશે જેની લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

મારી સુચના મુજબ,
તા. ૧૨-૦૨-૨૦૨૬
મારી મારફત, **સી. કે. કહાર**
(તે ખરીદ કરનારના એડવોકેટ)
ઓફિસ/ઘરઃ ૧૩૮/૪, કિષ્ના કેબલ વિઝન, દાંડીવાડ, નવસારી-૩૯૬૪૪૫. મો.: 9825378345

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે જીલ્લો નવસારી સીટી સરવે ઓફીસઃ નવસારી, **વોર્ડઃ ઉન (બિનખેતી)શીટ નં. NA99, સીટી સરવે નં. NA129** વાળી બહુહેતુક ઉપયોગ માટે બિનખેતીની જમીન, જેનું **સુમારે ક્ષેત્રફળ ૫૯૭૭ ચો.મી,** છે, તેમજ જીલ્લો નવસારી **સીટી સરવે ઓફીસઃ નવસારી, વોર્ડઃ ઉન (બિનખેતી)શીટ નં. NA99, સીટી સરવે નં. NA130/1** વાળી બહુહેતુક ઉપયોગ માટે બિનખેતીની જમીન, જેનું સુમારે **ક્ષેત્રફળ ૫૫૦૬૬ ચો.મી.** છે. આમ બંને જમીનો મળી **કુલ ૬૧૦૪૩ ચો.મી.** બહુહેતુક હેતુ માટે બિનખેતી થયેલ જમીનના માલીકો **(૧) રૂક્મણીબેન મનસુખભાઈ પટેલ (૨) શૈલેષ મનસુખભાઈ પટેલ (૩) નિમીષ મનસુખભાઈ પટેલ (૪) સુરજ શૈલેષ પટેલ (૫) કરીશ્મા શૈલેષ પટેલ એ** મજકુર બહુહેતુક હેતુ માટે બિનખેતી થયેલ જમીન તેમની સંયુક્ત માલીકી તથા કબજા ભોગવટા અને વહીવટપણા હેઠળ હોવાની જણાવી અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી ઉપરોક્ત જણાવેલ વિગત અને વર્ણનવાળી બહુહેતુક હેતુ માટે બિનખેતી થયેલ જમીન કે તેના હિસ્સા ઉપર જો કોઈ વ્યક્તિ, મંડળી, બેક, કંપની, સંસ્થા કે અન્ય કોઇ સીધીલીટી-આડીલીટી ના વારસદારોનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, અધિકાર, લેણાં, બોજો, દરદાવો કે સદર જમીનમાં આવવા જવાના રસ્તાના હકકો હોય તો તેમને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૭ માં તે બદલના તમામ પુરાવાઓ સાથે નીચેના સરનામે રૂબરૂમાં લેખિત જાણ કરીને તે અંગેની ખાતરી કરાવી જવી. જો તેમ કરવામાં નહીં આવે તો મજકુર જમીન પરત્વે કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક-હિસ્સો, દરદાવો, બોજો, અધિકાર છે નહી અને હોય તો તે જતો (વેવ)કરેલ છે તેમ સમજી અમારા અસીલ ઉપરોક્ત જણાવેલ વિગત વાળી બિનખેતીની જમીન વેચાણ રાખવા અંગેની કાર્યવાહી પૂર્ણ કરાવી મજકુર જમીનના માલીકોને નકકી કરવામાં આવેલ વેચાણ અવેજની ચુકવણી કરી તેઓ પાસેથી વેચાણ રાખવા નક્કી કરેલ બિનખેતી જમીનનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળઃ નવસારી/સુરત.
તા. ૧૧/૦૨/૨૦૨૬
ઓફીસ :- ૪૦૨, દિપકમલ-૧, સરસ્વાણા જકાતનાકા, વરાછારોડ, સુરત ૩૯૫૦૦૬
મો. ૯૮૭૯૪ ૭૯૮૯૯, ઓફીસઃ ૯૬૨૪૯ ૭૯૭૫૨
મારી મારફત,
રાજેશકુમાર જી. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

Federal Bank
ફેડરલ બેંક લિમીટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ - ૩૮૦૦૦૫, ઈમેલ : ahdlcrd@federalbank.co.in

AHDL/FS699/TEN/224673-1356/DN/2025 Dated : 31/12/2025

૧. **શ્રી ઈન્દ્રજીત રામનાથ પ્રજાપતિ S/o રામનાથ પ્રજાપતિ,**
(એ). વોર્ડ - ૩, તાલુકો - ચૌક, નગર પંચાયત, ગોલા બઝાર, સુરત, ગુજરાત - ૨૭૩૪૦૮.
(બી). નં. ૧૫, યોગેશ્વરનગર, ચલથાણ, વરેલી, કડોદરા, સુરત, ગુજરાત - ૩૯૪૩૨૭.

૨. **શ્રીમતી સીમા દેવી W/o ઈન્દ્રજીત રામનાથ પ્રજાપતિ**
(એ). વોર્ડ - ૩, તાલુકો - ચૌક, નગર પંચાયત, ગોલા બઝાર, સુરત, ગુજરાત - ૨૭૩૪૦૮.
(બી). નં. ૧૫, યોગેશ્વરનગર, ચલથાણ, વરેલી, કડોદરા, સુરત, ગુજરાત - ૩૯૪૩૨૭.

સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ નોટીસ જારી કરવામાં આવી છે. (ત્યારબાદ એકટ તરીકે ઓળખવામાં આવે છે)

ઉપરોકત ઉલ્લેખિત પક્ષે પ્રિન્સીપલ ઉધારકર્તા / સહ-અરજદાર / જામીનદાર / મોર્ગેજર તરીકે **ફેડરલ બેંક લિમીટેડ** પાસેથી નીચેની ક્રેડીટ સુવિધા મેળવી હતી, જે કંપનીઝ એકટ - ૨૦૧૩ હેઠળ નોંધાયેલ બેંકીંગ કંપની છે અને અલવે (ત્યારબાદ બેંક તરીકે ઓળખાશે), ખાતે તેની રજીસ્ટર્ડ ઓફિસ ધરાવે છે. તેમણે બેંકના પક્ષમાં જરૂરી કરારો/લોન દસ્તાવેજો કર્યા પછી, **દેના** ખાતેની શાખા દ્વારા નીચેની ક્રેડીટ સુવિધા મેળવી હતી.

મર્યાદાનો પ્રકાર	એકાઉન્ટ નં.	મંજુર કરેલ લિમીટ રૂા. માં.	વિતરણની તારીખ	NPA ની તારીખ	દ્વારા ઉપલબ્ધ
EI -FEDERAL HOUSING LOAN	22467300001356	રૂા. ૧૪,૬૦,૦૦૦/-	૨૯/૦૭/૨૦૨૦	૨૮/૧૨/૨૦૨૫	તમારા ઉપરના પહેલા અને બીજા
EI-ASSET GUARD	22467600000645	રૂા. ૩૩,૦૦૦/-	૦૧/૦૮/૨૦૨૦	૨૮/૧૨/૨૦૨૫	તમારા ઉપરના પહેલા અને બીજા

બેંક પાસેથી મેળવેલ ઉપરોકત ક્રેડીટ સુવિધાની સુરક્ષા માટે, તમારામાંથી પહેલાએ નીચેની સ્થાવર મિલકતના સંદર્ભમાં પૂર્વધારણા દ્વારા બેંકની તરફેણમાં સુરક્ષા રસ ઉભો કર્યો છે.

ગિરવે મુકેલ સ્થાવર મિલકતનું વર્ણન

ક્રમ નં.	સ્થાવર મિલકતનું વર્ણન	તારણમાં મુકેલ ખાતા નં.	ગિરવે મુકેલ
૧.	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો પ્લોટ નં. ૧૨૨, કેજેપી મુજબનું ક્ષેત્રફળ ૬૦.૧૧ સ્કે.મી. એટલે કે ૭૨.૦૦ સ્કે. યાર્ડ., અવિભાજીત હકક અને હિસ્સા સાથે અને સીઓપીનું ક્ષેત્રફળ ૩૩.૧૬ સ્કે.મી., ગોકુલમ વિલા, જે સ્થિત જમીનનો બ્લોક નં. ૨૦૦/એ (રેવન્યુ સર્વે નં. ૨૭૨), ક્ષેત્રફળ ૨૪૧૬૫.૦૦ સ્કે.મી., ગામ - તાંતીથૈયા, સબ જીલ્લો અને તાલુકો - પલસાણા, જીલ્લો - સુરત, રાજય - ગુજરાત. **ચતુઃસીમા :- પૂર્વે :** પ્લોટ નં. ૧૩૫, **પશ્ચિમે :** સોસાયટી રોડ, **ઉત્તરે :** પ્લોટ નં. ૧૨૧, **દક્ષિણે :** પ્લોટ નં. ૧૨૩.	22467300001356 & 22467600000645	તમારા ઉપરના પહેલા અને બીજા

ઉપરોકત સિકયોરીટી મિલકતને સુરક્ષીત સંપત્તિ તરીકે ઓળખવામાં આવે છે. તમે સંમત શરતોનું ઉલ્લંઘન કરીને ઉપરોકત - સુરક્ષીત દેવું ચૂકવવામાં ડિફોલ્ટ થયા છો અને આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ માર્ગદર્શિકા અનુસાર ખાતું નોન પર્ફોમિંગ એસેટ બની ગયું છે. ફેડરલ બેંક લિમીટેડના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરનાર, તમને જણાવે છે કે નીચે વર્ણવેલ નીચેની રકમ તમારા તરફથી બાકી છે.

લોન એકાઉન્ટ	એ). બાકી બેલેન્સ	બી). એ માં દર્શાવેલ રકમમાંથી અનરીયલાઈઝ વ્યાજ	સી). એ માં દર્શાવેલ રકમમાંથી બાકી ચાર્જીસ	વ્યાજ દર	દ્વારા ઉપલબ્ધ
22467300001356	રૂા. ૧૨,૩૬,૦૫૮.૭૫ તા. ૨૯/૧૨/૨૦૨૫ સુધી	રૂા. ૨૮,૯૯૭.૭૫	રૂા. ૮૧૫/-	તા. ૨૯/૧૨/૨૦૨૫ થી વ્યાજ ૯.૧૫% માસિક ચડત વ્યાજ અને ૪% પીનલ ચાર્જીસ સાથે	તમારા ઉપરના પહેલા અને બીજા
22467600000645	રૂા. ૨૭,૭૦૬/- તા. ૦૬/૧૨/૨૦૨૫ સુધી	રૂા. ૬૯૫/-	રૂા. ૧૫/-	તા. ૦૬/૧૨/૨૦૨૫ થી વ્યાજ ૧૦.૦૦% માસિક ચડત વ્યાજ અને ૪% પીનલ ચાર્જીસ સાથે	તમારા ઉપરના પહેલા અને બીજા

આથી અધિનિયમની કલમ ૨(zd) હેઠળ પરિકલ્પના કરાયેલા સુરક્ષીત લેણદાર તરીકે બેંક તમને આ અધિનિયમની કલમ ૧૩(૨) હેઠળ વિચાણા મુજબ, દરે ચડત વ્યાજ સાથે ઉકત રકમ ચૂકવવા જણાવેલ છે. આ નોટીસની તારીખથી ૬૦ દિવસની અંદર, જો નિષ્ફળ જાય તો બેંક સુરક્ષીત લેણદાર તરીકે, તેના કોઈપણ અન્ય અધિકારો અને ઉપાયો પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના, કોઈપણ વધુ સૂચના વિના, તમારી સામે અધિનિયમની કલમ ૧૩(૪) હેઠળ સુચીત નીચે જણાવેલ પગલાં લેવા માટે પ્રતિબંધીત રહેશે.

(૧). ઉપરોકત વર્ણવેલ સુરક્ષીત અસ્કયામતોનો કબજો લેવા અને બાકીની રકમની વસુલાત માટે લીઝ, સોંપણી અથવા વેચાણ દ્વારા ઉકત સંપત્તિઓને સ્થાનાંતરીત કરવા.
(૨). સુરક્ષીત અસ્કયામતોનું સંચાલન હાથમાં લેવુ અને બાકી રકમની વસુલાત માટે લીઝ, સોંપણી અથવા વેચાણ દ્વારા તેમને સ્થાનાંતરીત કરવા.
(૩). બેંક દ્વારા કબજો લેવામાં આવેલ સુકક્ષીત સંપત્તિઓનું સંચાલન કરવા માટે કોઈપણ વ્યકિતની નિમણૂક કરવી.
(૪). કોઈપણ સમયે લેખિતમાં નોટીસ દ્વારા, કોઈપણ વ્યકિત કે જેણે તમારી પાસેથી કોઈપણ સુરક્ષીત સંપત્તિ મેળવી હોય અને જેની પાસેથી કોઈપણ નાણાં બાકી હોય અથવા બાકી હોય, બેંકને ચૂકવવા માટે જરૂરી છે.

તમને એ પણ સૂચના આપવામાં આવે છે કે અધિનિયમની કલમ ૧૩(૧૩) ની મુજબ, તમે આ નોટીસની પ્રાપ્તી પછી વેચાણ, લીઝ અથવા અન્યથા આ નોટીસમાં ઉલ્લેખીત કોઈપણ સુરક્ષીત મિલકતો કોઈપણ રીતે કોઈપણ રીતે ટ્રાન્સફર કરી શકશો નહી. તેની પૂર્વ લેખિત સંમતિ વિના બેંકના વ્યાજનો પૂર્વગ્રહ.

તમને કાયદાના સેકશન ૧૩(૬) તરફ ધ્યાન દોરવામાં આવે છે જે દ્વારા બેંકની સિકયોર્ડ અસ્કયામતની તબદીલી જે આવી સિકયોર્ડ અસ્કયામતના માલિક દ્વારા જે રીતે જે કે વ્યકિત (ટ્રાન્સફરી) ને કરવામાં આવી હોય તે વ્યકિતને તબદીલી માટે માન્ય ટાઈટલના તમામ અધિકારો આપવાનો, અથવા એનાં સંદર્ભમાં આપવા માટે તે રીતના અધિકાર આપે છે. મહેરબાની કરીને જાણી લેજો કે તમારી જવાબદારી આ નોટીસની તારીખ થી દિન ૬૦ માં પુરેપુરી અદા કરવામાં કસુર કરવાની સ્થિતીમાં અને બેંક કાયદાની જોગવાઈઓ હેઠળ પગલાં લેવા શરૂ કરે તે સમયમાં તમે બેંકને તમામ કોસ્ટ, ચાર્જીસ અને આ સંદર્ભમાં તમામ ખર્ચ આપવામાં બંધાયેલા છો. તમને કાયદાના સેકશન ૧૩(૮) ની જોગવાઈ તરફ પણ ધ્યાન દોરવામાં આવે છે જેમાં સિકયોર્ડ અસ્કયામતો (સિકયોરીટી મિલકતનો) છોડાવવાની સમય મર્યાદા જણાવેલ છે. જો સિકયોર્ડ અસ્કયામતોના વેચાણથી પણ લેણું પુરે પુરું વસુલ નહીં થાય, તો બેંક બાકીની રકમની વસુલાત માટે વ્યકિતગત રીતે તમારી સામે કાર્યવાહી કરશે. આ નોટીસ બેંકને એના લેણાંની વસુલી કરવા માટે મળેલ અન્ય અધિકારો અને ઉકેલના પૂર્વગ્રહ વિના મોકલેલ છે.

સહી/-, અધિકૃત અધિકારી, ધી ફેડરલ બેંક લિમીટેડ

જાહેર હરાજીથી વેચાણ અંગેની જાહેરાત અને જાહેરનામું આંક– ૨૩, સ્પે. દરખાસ્ત નં. ૦૧/૨૦૨૪

જાહેર હરાજીથી વેચાણ અંગેની જાહેરાત કરી જાહેર જનતા અને તમામને જણાવવામાં આવે છે કે, મે. ચીખલીના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે.દી.મુ.નં.૨૦/૨૦૧૮ નો દાવો જાહેરાત મેળવવા, કાયમી મનાઈ મેળવવા, સ્પેસીફીક પરફોમન્સ મેળવવા તથા વિકલ્પે નાણાં વિગેરે અંગેની દાદો મેળવવા દાખલ થયેલ હતો. જે દાવાનુ સંપુર્ણ કામ ચાલી જતા મે. ચીખલીના પ્રિન્સીપાલ સીનીરય સીવીલ જજ સાહેબે તા.૪.૧૨.૨૦૨૩ ના રોજ પોતાનો છેવટનો ચુકાદો જાહેર કરી સ્પે.દી.મુ.નં.૨૦/૨૦૧૮ નો દાવો અંશતઃ મંજુર કરી પ્રતિવાદી નં. ૧ શૈલેષભાઈ નગીનભાઈ પટેલને ચુકવવામાં આવેલ રૂા.૩૫,૦૦,૦૦૦/– દાવો દાખલ થયાની તારીખથી, વાર્ષીક ૧૦% ના વ્યાજ સાથે ચુકવી આપવા. જે મુજબનો અમલ ન થતા મે. ચીખલીના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં સદર હુકમનામાનો અમલ કરાવવા સ્પે.દરખાસ્ત નં.૦૧/૨૦૨૪ દાખલ કરવામાં આવેલી છે. જે અનુસંધાને હુકમનામા–દેણદાર શૈલેષભાઈ નગીનભાઈ પટેલની નીચે પરીશીષ્ટમાં જણાવેલ મિલકતો ટાંચમાં લેવાનો હુકમ આંક– ૧૩ થી કરવામાં આવેલો અને નીચે પરીશીષ્ટમાં જણાવેલ મિલકતો જાહેર હરાજીથી વેચાણ કરવા માટે સી.પી.કોડના ઓર્ડર–૨૧, રૂલ–૬૪ મુજબનો હુકમ કરવામાં આવેલ છે.

:: જાહેર હરાજીથી વેચાણ કરવાની મિલકતનું પરીશીષ્ટ ::

અ. નં	ગામ	બ્લોક/સર્વે નં.	ખાતા નં.	ક્ષેત્રફળ (ચો.મી.)	સત્તા પ્રકાર	અપસેટ વેલ્ય	હરાજીમાં મુકવાની હેલ અપસેટ વેલ્યુ
૧	આલીપોર	૫૦૮/૩	૧૪૪૩	૪૮૩.૭૭	બીન ખેતી	૯,૬૭,૫૪૦/–	
૨	આલીપોર	૫૦૮/૯	૧૪૪૩	૨૭૭.૭૨	બીન ખેતી	૫,૫૫,૪૪૦/–	
૩	આલીપોર	૫૦૮/૧૦	૧૪૪૩	૨૭૭.૭૨	બીન ખેતી	૫,૫૫,૪૪૦/–	
૪	આલીપોર	૫૦૮/૧૩	૧૪૪૩	૧૮૦.૫૨	બીન ખેતી	૩,૬૧,૦૪૦/–	
૫	આલીપોર	૫૦૮/૧૪	૧૪૪૩	૧૮૧.૭૬	બીન ખેતી	૩,૬૩,૫૨૦/–	
૬	આલીપોર	૫૦૮/૨૧	૧૪૪૩	૧૮૯.૮૪	બીન ખેતી	૩,૭૯,૬૮૦/	
૭	આલીપોર	૫૦૮/૨૨	૧૪૪૩	૧૯૧.૦૦	બીન ખેતી	૩,૮૨,૦૦૦/–	
૮	આલીપોર	૫૦૮/૨૩	૧૪૪૩	૧૯૨.૧૬	બીન ખેતી	૩,૮૪,૩૨૦/–	
૯	આલીપોર	૫૦૮/૨૭	૧૪૪૩	૧૮૩.૨૭	બીન ખેતી	૩,૬૬,૫૪૦/–	
૧૦	આલીપોર	૫૦૮/૨૮	૧૪૪૩	૧૯૨.૨૮	બીન ખેતી	૩,૮૪,૫૬૦/–	
૧૧	આલીપોર	૫૦૮/૩૪	૧૪૪૩	૫૩૩.૩૦	બીન ખેતી	૧૦,૬૬,૬